RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 282, Dt.17-01-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈરાન એક્શનમાંઃ પાકિસ્તાન પર કરી એરસ્ટ્રાઈક

## પાકિસ્તાનમાં આતંકી સમુહના અનેક ઠેકાણા પર મિસાઈલ અને ડ્રોનથી હુમલોઃ ૧૦૦થી વધુ પાકિસ્તાનીઓનો મોત થયાનો અહેવાલઃ એરસ્ટ્રાઈકથી બેબાકળા બનેલાં પાકે ઈરાનને ગંભીર પરિણામો ભોગવવા આપી ધમકી



**મુખ્ય સમાચાર, તહેરાન**

મંગળવારે ગઈકાલે પાકિસ્તાનમાં આતંકવાદી જૂથ જૈશ અલ-અદલના ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો. તેના પર પાકિસ્તાને દાવો કર્યો છે કે હવાઈ હુમલામાં બે બાળકોના મોત થયા છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે. આ હુમલા બાદ પાકિસ્તાની વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જારી કરીને કહ્યું કે આ અમારા એરસ્પેસનું ઉલ્લંઘન છે. તો બીજી તરફ ઈરાને દાવો કર્યો છે કે હુમલામાં અનેક આતંકીઓ માર્યા ગયા છે. એવો પણ દાવો કર્યો છે કે મિસાઇલ અને ડ્રોનનો ઉપયોગ થયો હતો અને આતંકી અડ્ડાઓનો નાશ કરાયો હતો.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNAના અહેવાલ મુજબ પાકિસ્તાનમાં હુમલા માટે મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાનની અંગ્રેજી ન્યૂઝ ચેનલે જણાવ્યું કે આ હુમલો ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. જો કે, પાકિસ્તાને આ હુમલા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે પાકિસ્તાનની સંપ્રભુતાનું આ ઉલ્લંઘન સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. આના ગંભીર પરિણામો આવી શકે છે.પાકિસ્તાને ઈરાની હુમલાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેણે તેહરાનમાં ઈરાનના વિદેશ મંત્રાલયના સંબંધિત વરિષ્ઠ અધિકારી સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ સિવાય પાકિસ્તાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન કરવા બદલ ઈરાની રાજદ્વારીને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યો હતો.

પાકિસ્તાનના એક અધિકારીએ કહ્યું કે આતંકવાદ એ ક્ષેત્રના તમામ દેશો માટે એક સામાન્ય ખતરો છે, જેના માટે આપણે સાથે મળીને કામ કરવું જોઈએ. જો કે, આવા હુમલા સારા પાડોશી હોવાનો પુરાવો આપતા નથી. આ કારણે દ્વિપક્ષીય વિશ્વાસ ગંભીર રીતે નબળો પડી શકે છે.

પાકિસ્તાનમાં જૈશ અલ અદલ ત્રાસવાદી સંગઠન પર ઈરાને કરેલી એરસ્ટ્રાઈકમાં ૧૦૦થી વધુ પાકિસ્તાનીઓ માર્યા ગયા હોવાના બિનસતાવાર રીતે અહેવાલ છે. આ એરસ્ટ્રાઈક બાદ આ ક્ષેત્રમાં પાકિસ્તાની સૈન્યને એલર્ટ કરી દેવામાં આવ્યું હતું.

મિસાઈલ અને ડ્રોનથી થયેલા હુમલાને અફઘાન સાથેની સરહદ પર તૈનાત કરાયેલા પાકિસ્તાની હવાઈ દળના રડાર પણ પારખી ન શકયા તે અંગે પાકિસ્તાની સૈન્યમાં જબરો પ્રશ્ન પુછાઈ રહ્યો છે અને આ વિસ્તારમાં મોબાઈલ સહિતની ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. કોલીંગ સુવિધા પણ હાલ સસ્પેન્ડ છે અને મીડીયાને પણ આ વિસ્તારમાં જવા દેવાયા નથી. પાકિસ્તાન એક તરફ ચુંટણીમાં જઈ રહ્યું છે તે સમયે જ ઈરાનના હુમલાએ દેશમાં જબરો ફફડાટ સર્જી દીધો છે.

# રેકોર્ડબ્રેક તેજી બાદ શેરબજારમાં ૧૩૦૦ પોઈન્ટનો પ્રચંડ કડાકો

## રોકાણકારોના ત્રણ લાખ કરોડનું ધોવાણઃ પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક જેવા કારણોની અસર

**મુખ્ય સમાચાર, મુંબઈ**




મુંબઇ શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીના દોર બાદ આજે જોરદાર કરેકશન આવ્યું હતું. હેવીવેઇટ સહિત તમામ ક્ષેત્રોના શેરોમાં આક્રમક વેચવાલીથી સેન્સેક્સમાં ૧૩૦૦ પોઇન્ટનો પ્રચંડ કડાકો સર્જાયો હતો. બેંક શેરોનો ભુક્કો બોલ્યો હોય તેમ બેંક નિફટીમાં ૧૬૦૦ પોઇન્ટનું ગાબડું હતું.

શેરબજારમાં કેટલાક વિદોસથી કરેકશનની અટકળો વ્યકત થતી જ હતી પરંતુ રીટેઇલ ઇન્વેસ્ટરોનું જંગી નાણું ઠલવાતું હોવાથી માર્કેટ મચક આપતું ન હતું. આજે શરૂઆત જ ગેપડાઉન રહેવા સાથે મંદીનો આંચકો અનુભવાયો હતો. વિશ્વ બજારોની મંદી તથા નફારૂપી વેચવાલીની અસરે મંદી થઇ હતી. એચડીએફસી બેંક જેવી કંપનીઓના ધારણા કરતા નબળા પરિણામનો પણ પ્રત્યાઘાત આવ્યો હતો.

વિદેશી સંસ્થાઓની ખરીદીનું કારણ ડીસ્કાઉન્ટ થઇ ગયું હતું. ઇરાનની પાકિસ્તાન પર એરસ્ટ્રાઇકથી નવા યુધ્ધના ભણકારાથી પણ માનસ સાવચેતીનું બન્યું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે કેટલાક વખતથી પ્રત્યાઘાતી ઘટાડાની ગણતરી હતી અને તેવામાં માર્કેટ ગેપડાઉન ખુલતા જ રીટેઇલ ઇન્વેસ્ટરોની પ્રચંડ વેચવાલી નીકળી હતી. બાકી અર્થતંત્ર મોરચો કોઇ ચિંતાની વાત નથી. વિદેશી એજન્સીઓ પણ ભારતના આર્થિક વિકાસ પર ઓળઘોળ છે. એટલે મધ્યમ-લાંબાગાળા માટે માનસ તેજીનું જ બની રહે તેમ છે.

શેરબજારમાં આજે મુખ્યત્વે બેંક શેરોનો બુકડો બોલી ગયો હતો. એચડીએફસી બેંક ૧૦૦ રૂપિયાથી વધુ તૂટ્યો હતો. આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડુસઇન્ડ બેંક, કોટક બેંક, સ્ટેટ બેંક ઉપરાંત ભારતી એરટેલ, જેએસડબલ્યુ સ્ટીલ, મહિન્દ્ર, મારૂતી, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ વગેરે શેરોમાં ગાબડા હતા. મંદી બજારે પણ એનટીપીસી, પાવરગ્રીડ, ટીસીએસ, ઇન્ફોસીસ, ટાઇટન, એચસીએલ ટેકનો, લાર્સન જેવા શેરો ઉંચકાયા હતાં.

મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્સ ૧૩૦૦ પોઇન્ટના ગાબડાથી ૭૨૦૦૦ની નીચે ઉતરી ગયો હતો અને ૭૧૮૫૬ સાંપડ્યો હતો જે ઉંચામાં ૭૨૪૮૪ તથા નીચામાં ૭૧૭૫૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૩૫૮ પોઇન્ટના કડાકાથી ૨૧૬૭૩ હતો તે ઉંચામાં ૨૧૮૫૧ તથા નીચામાં ૨૧૬૩૬ હતો.શેરબજારમાં કડાકાને પગલે આજે ઇન્વેસ્ટરોની સંપતિમાં અંદાજીત ત્રણ લાખ કરોડનું ધોવાણ થયું હતું. બે દિવસ પૂર્વે માર્કેટકેપ ૩૭૬ લાખ કરોડને પાર થઇ ગયું હતું. તે આજે ૩૭૧.૭૯ લાખ કરોડ હતું. બીએસઇમાં ૩૭૮૨માંથી ૨૩૭૩ શેરોમાં ઘટાડો હતો. ૨૮૨ શેરોમાં ઉંધી સર્કિટ હતી. જો કે, સામે ૨૩૨ શેરોમાં સીધી સર્કિટ હતી.

# આગામી માસે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રૂા.૫ થી ૧૦નો ઘટાડો થવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




આગામી માસમાં રજુ થનારા વચગાળાના બજેટ કે વોટ ઓન એકાઉન્ટમાં રાહતની કોઈ આશા નથી પણ ઓઈલ કંપનીઓ પેટ્રોલ ડિઝલના ભાવમાં રૂા.૫થી૧૦નો પ્રતિ લીટર ઘટાડો કરી શકે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડતેલના ભાવમાં લાંબા સમયથી સ્થિરતા અને ઘટાડાની સ્થિતિ છે અને થોડા જીયો પોલીટીકસ કારણોથી થોડા ભાવ વધ્યા હોય છતાં પણ ઓઈલ કંપનીઓમાં તેના ત્રીજા કવાટરના પરિણામોમાં રૂા.૭૫૦૦૦ કરોડનો તોતીંગ નફો કર્યો છે.તેની એપ્રિલ ૨૦૨૨થી સ્થિર રહેલા પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો કરવાની પુરતી તક હાલ સરકારી ઓઈલ કંપનીઓ પાસે છે અને દેશમાં જે રીતે ફુગાવો સતત ઉંચો જઈ રહ્યો છે તથા છૂટક ફુગાવો ૬%ની આસપાસ પહોંચી ગયા છે તે સ્થિતિમાં ઓઈલ કંપનીઓ ડિઝલ-પેટ્રોલમાં પ્રતિ લીટર રૂા.૧૦ સુધીનો ભાવ ઘટાડો કરી શકે છે. દેશની ત્રણ મુખ્ય ઓઈલ કંપનીઓ લાંબા સમયથી આ બન્ને ઈંધણમાં મોટો નફો કરી રહી છે પણ કદાચ લોકસભા ચુંટણીની જાહેરાતની રાહ જોવાય છે.

# મોતિયાના ઓપરેશન મુદ્દે હાઈકોર્ટમાં સુઓમોટો દાખલ

## વિરમગામના માંડલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૭ લોકોને આંખે ઝાંખપ આવીઃ તપાસ રિપોર્ટ સોંપવા કોર્ટનો સરકારને આદેશ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



વિરમગામના માંડલમાં મોતિયાના ઓપરેશન મુદ્દે હાઇકોર્ટની સુઓમોટો પિટિશન દાખલ કરવામાં આવી છે. હાઇકોર્ટે હેલ્થ સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય SPને નોટિસ પાઠવી છે. જજ એ.એસ. સુપેહિયા અને જજ વિમલ વ્યાસની બેન્ચ ન્યૂઝ સંસ્થાઓના અહેવાલને આધારે સુઓમોટો સંજ્ઞાન લીધું છે. ૭ ફેબ્રુઆરીએ આ સુઓમોટો ચીફ જજની કોર્ટમાં રજૂ થશે. પ્રાથમિક તપાસ રિપોર્ટ સોંપવા હાઇકોર્ટે સરકારને આદેશ કર્યો છે.

એડવોકેટ હાર્દિક બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આજે ગુજરાત હાઇકોર્ટની ડિવિઝન બેન્ચ સુપેહિયા સાહેબ લીડ કરે છે તેમાં એક સુઓમોટો પિટિશન દાખલ કરી છે. ન્યૂઝ પેપરની અંદર એક આર્ટિકલ આવ્યો હતો, જેમાં લખવામાં આવ્યું હતું કે, માંડલની એક ટ્રસ્ટની હોસ્પિટલમાં જ્યારે પેશન્ટના ઓપરેશન કરવામાં આવ્યા તેમાં ઘણા બધા લોકોના આંખની દૃષ્ટિ ગઈ એવી સ્થિતિ સર્જાઇ છે. આથી કોર્ટે આમાં સંજ્ઞાન લીધું કે, ખરેખર શું પરિસ્થિતિ થઈ છે? શું ઇન્સ્ટ્રુમેન્ટમાં ખામી હતી? દવા હલકી ગુણવત્તાની હતી કે ક્યાંય સેવામાં ખામી હતી? આના માટેના હેલ્થ ડિપાર્ટમેન્ટના એક્ઝિક્યુટિવને અને જે-તે એરિયાના એસપીને એક નોટિસ કરી એમની પાસેથી પ્રાથમિક રિપોર્ટ માગવામાં આવ્યો છે. શેના કારણે આ પરિસ્થિતિ સર્જાઇ છે તેવું રિપોર્ટમાં માગવામાં આવ્યું છે. આથી કોર્ટે આજે આ બાબતે સુઓમોટો લીધો છે.

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં આવેલ માંડલના રામાનંદ ટ્રસ્ટની હોસ્પિટલમાં ૧૦ જાન્યુઆરીના રોજ કુલ ૨૯ જેટલા મોતિયાના દર્દીઓના આંખનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. જેમાંથી ઓપરેશન બાદ ૧૭ જેટલા લોકોને આંખની દૃષ્ટિ ઓછી થતાં ૫ લોકો અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા છે. જ્યારે ૧૨ જેટલા લોકો રામાનંદ ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા છે.

કુલ ૨૯ લોકોમાંથી ૯ લોકો અમદાવાદ જિલ્લાના, ૧૨ સુરેન્દ્રનગર જિલ્લાના અને ૮ પાટણ જિલ્લાના હોવાનું સામે આવ્યું છે. અસારવા સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક દૃષ્ટિએ ઓપરેશન બાદ આંખોમાં નાખવાનાં ટીપાંથી ચેપ લાગ્યો હોવાનું અનુમાન છે. અસારવા સિવિલમાં દાખલ પાંચ પૈકી એક પણ દર્દી દૃષ્ટિહિન થયો નથી.

અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ સાથે કરેલી વાતચીત પ્રમાણે ઘટનાની ખબર પડતાં આરોગ્ય વિભાગના વિભાગીય નાયબ નિયામકના અધ્યક્ષ સ્થાને ૦૯ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ટીમ માંડલ ખાતે પહોંચી હતી. સૌપ્રથમ રામાનંદ ટ્રસ્ટ હોસ્પિટલમાં તમામ ઓપરેશન સ્થગિત કરી નાખવામાં આવ્યાં છે. તપાસમાં સામે આવ્યું છે કે એક જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૭૪ વ્યકિતઓએ આંખનું ઓપરેશન કરાવ્યું હતું. તેમનો પણ સંપર્ક સાધવાની પ્રક્રિયા હાથ ધરાઇ છે.

આજે ગુજરાત હાઇકોર્ટમાં જજ એ.એસ. સૂપેહિયા અને જજ વિમલ વ્યાસની બેન્ચ દ્વારા સમાચાર સંસ્થાઓના અહેવાલને આધારે સુઓમોટો સંજ્ઞાન લેવામાં આવ્યું છે. કોર્ટે કહ્યું હતું કે, સર્જરી બાદ કેટલાક દર્દીઓએ અડધી દૃષ્ટિ ગુમાવી છે. ૧૭ જેટલા દર્દીઓને અસર થઈ છે. ઓપરેશન બાદ તકલીફ સર્જાતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઓપરેશન પછી દર્દીઓને આંખમાં ચેપ લાગ્યો છે. આ હોસ્પિટલ સેવાનિકેતન ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી હતી. ચેપથી પીડિત દર્દીઓ માટે યોગ્ય પગલાં લેવામાં આવે.

આ ઘટના નીચલી ગુણવત્તાની દવા, ફેસિલિટીનો અભાવ કે પછી મેડિકલ સાધનોના સારસંભાળના અભાવને કારણે સર્જાઇ છે કે કેમ? હજી સુધી કોઈ પણ મેડિકલ કર્મચારી સામે FIR થઈ નથી. પીડિતોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે. આ ઘટના અંગે હેલ્થ વિભાગના સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય સુપર પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને કોર્ટે નોટિસ નિકાળી હતી. સાથે જ તપાસનો પ્રાથમિક અહેવાલ કોર્ટમાં જમા કરાવવા હુકમ કર્યો હતો. આ અરજી હવે ચીફ જજની કોર્ટમાં ૦૭ ફેબ્રુઆરીએ રજૂ થશે.

# માર્કેટ કેપમાં એસબીઆઈને પાછળ છોડતી LIC: બે માસમાં શેરના ભાવમાં ૪૫ ટકાનો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




દેશની જાહેર સાહસની કંપનીઓના માર્કેટ વેલ્યુમાં જબરો ઉછાળો નોંધાયો છે અને ભારતીય જીવન વિમા નિગમ (એલઆઈસી)એ રૂા.૫.૬૪ લાખ કરોડનું માર્કેટકેપ બનાવીને વધુ એક જાહેર સાહસ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાને પાછળ રાખી દીધી છે. અત્યાર સુધી એસબીઆઈ રૂા.૫.૬૩ લાખ કરોડના માર્કેટકેપ સાથે નંબર વન જાહેર સાહસ બની રહી હતી.

પરંતુ એલઆઈસીએ તેને પાછળ રાખી દીધી છે એટલું જ નહી એલઆઈસીનો શેર તેના લીસ્ટીંગ પ્રાઈઝની નજીક પહોંચી ગયો છે. છેલ્લા બે માસમાં એલઆઈસીના શેરના ભાવમાં ૪૫ ટકાનો વધારો થયો છે અને લીસ્ટીંગના ૨૦ માસ બાદ એલઆઈસીના શેરે રૂા.૯૦૦નો આંકડો મુંબઈ શેરબજારમાં વટાવ્યો હતો. આઈપીઓ સમયે એલઆઈસીનો શેર રૂા.૯૪૯ના ભાવે સબસ્ક્રાઈબ કરનારને ઓફર કરી હતી.

જયારે તેના પોલીસી હોલ્ડરને રૂા.૮૮૯ના ભાવે ઓફર થયો હતો. છેલ્લા બે માસમાં એલઆઈસીના શેર ૬૧૫ રૂપિયાથી વધીને ૯૦૦ના માર્કને પાર કરવામાં સફળ રહ્યો છે અને દેશની ૧૦મી સૌથી વધુ માર્કેટકેપ ધરાવતી કંપની લીસ્ટેડ કંપની પણ બની છે.

# રાજકોટ મનપાનું મેગા ડિમોલીશનઃ ૪૧.૨૫ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મનપાના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા ડિમોલેશનની કામગીરી ઝડપી બનાવી છે. લોકસભાની ચુંટણીની જાહેરાત થાય અને આચાયસંહિતા લાગુ પડે તે પહેલા મનપાની માલીકીના અનામત પ્લોટ ઉપર થયેલા દબાણો દુર કરવા કવાયત હાથ ધરાઇ છે. જેમાં આજ રોજ એક સાથે ત્રણ ઝોનના ૪ વોર્ડમાં અલગ અલગ ટીપી સ્કીમમાં રિઝર્વેશન પ્લોટ ઉપર થયેલા શેડ, ઝુંપડા, પ્લીંથ, ગેરેજ, દુકાન, કમ્પાઉન્ડ હોલ સહીતના ૫૦થી વધુ બાંધકામો ઉપર બુલડોઝર ફેરવી રૂા.૯૧.૯૪ કરોડની ૧૫૩૯૪ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાવાઇ હતી.





ટી.પી. સ્કીમ નં.૧૬-રૈયા, અંતિમ ખંડ નં.૮૬/એ (વાણીજ્ય વેંચાણ હેતુ), બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળ, યુની. રોડ, રાજકોટ ૧૨-અસ્થાયી દબાણ (ઝુંપડા) ૫-પ્લીન્થ, ટી.પી. સ્કીમ નં.૧૬-રૈયા, અંતિમ ખંડ નં.૩૧/એ (એસ.ઈડબલ્યુ.એસ.હેતુ), બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળ, યુની. રોડ, રાજકોટ ૯-અસ્થાયી દબાણ (ઝુંપડા) ૨-પ્લીન્થ, ટી.પી. સ્કીમ નં.- ૦૫(રાજકોટ), અંતિમ ખંડ નં૨૫૯/એ (ફાયર સ્ટેસન), પીપળીયા હોલ પાસે,રાજકોટ ૫-અસ્થાયી દબાણ (ઝુંપડા) ટી.પી. સ્કીમ નં.૧૯ અને ૨૩/એ -રાજકોટ, (સોશીયલ ઇન્ફ્રા હેતુ), રેલનગર, પાણીના ટાંકા પાસે,રાજકોટ ૩-ઓરડી ૨-પ્લીન્થ, ટી.પી.સ્કીમ નં.૧૨ (કોઠારીયા) (આખરી) ના અંતિમખંડ નં.૩/એ (રેસીડેન્સ ફોર સેલ) હેતુના અનામત થયેલ ગેરકાયદેસર દબાણો દુર કરેલ. ૧-ગેરેજ ૧-દુકાન તથા કમ્પાઉન્ડ વોલ, ટીપી સ્કીમ નંબર ૧૨ કોઠારીયા અંતીમ ખંડ નંબર ૧-બી, ગાર્ડન હેતુના અનામત પ્લોટ ઉપર થયેલા ૧૦ ગેરકાયદેસર શેડ સહીતના બાંધકામો ઉપર બુલ્ડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું અને કુલ ૧૫૩૯૪ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાવાઇ હતી. જેની અંદાજીત કિંમત રૂા.૯૧.૯૪ કરોડ થવા જાય છે.

આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખાનાં તમામ આસી. ટાઉન પ્લાનર, આસી. એન્જીનીયર, એડી. આસી. એન્જીનીયર, સર્વેયર, વર્ક આસિસ્ટન્ટ, જગ્યા રોકાણ શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ હતા

# જામનગરમાં રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા અને ૨૬ જાન્યુઆરીને ધ્યાનમાં લઈને જાહેર સ્થળો પર ચેકિંગ ઝુંબેશ હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં મંદિર, દરગાહ, મસ્જિદ, હોટલ, મદ્રેસા તથા જાહેર સ્થળોમાં બાગ બગીચા રેલવે સ્ટેશન બસ સ્ટેશન સહિતના સ્થળો પર જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ એસોજી પોલીસની અલગ અલગ ટીમો તેમજ બીડીડીએસ અને ક્યુઆરટીની ટીમ દ્વારા કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે વધુમાં જામનગરના દરિયા કિનારા વિસ્તારમાં પણ પોલીસ દ્વારા ખાસ ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહ્યું છે.આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ અને ૨૬ જાન્યુઆરી આવી રહી છે ત્યારે જામનગર પોલીસ દ્વારા શહેરના અલગ અલગ મુખ્ય સ્થળ મંદિરો તેમજ બાગ બગીચામાં ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી. જ્યારે આ ચેકિંગ કાર્યવાહી આગામી ૨૬ જાન્યુઆરી સુધી ચાલશે. જ્યારે વિશ્વ વિખ્યાત બાલા હનુમાન મંદિર ખાતે જ્યત્રદ્ધ પોલીસ અને બમ્બ સ્કોડ સાથે સમગ્ર પરિસર અને શહેર ની સાંજ સમાન લાખોટા તળાવ ખાતે પણ પોલીસ દ્વારા જીણવટ ભરી ડોગ સ્કોડ તથા બોમ્બ સ્કોડ સાથે સમગ્ર આસપાસ વિસ્તાર તેમજ લાખોટા પરિષદમાં ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.બીજી તરફ આગામી તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ અંતર્ગત શહેરના મુખ્ય મંદિરો જાહેર સ્થળો પર તમામ જગ્યાએ જ્યત્રદ્ધ પોલીસ, ડોગ સ્કોડ અને બોમ્બ સ્કોડ સહિતની પોલીસ સ્ટાફ દ્વારા તમામ જગ્યાએ કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે

# જામનગર મહાનગરપાલિકા દ્વારા ત્રણ મિલકત સીલ કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા સઘન વેરા વસૂલાત કામગીરી અન્વયે ગઈકાલે ત્રણ મિલકત સીલ કરવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકા દ્વારા બાકી રોકાતી મિલકત વેરાની વસૂલાત ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે. ગઈકાલે રિકવરી ટીમ દ્વારા ત્રણ આસામીઓની મિલકત સીલ કરવામાં આવી હતી.જેમાં ગોરધનદાસ એમ. આશર (રૂા. ૧,૦૦,૯૪૬), ભાડુઆત ખોડિયાર પાન (રૂા. ૧૬,૪૦૫) અને શાંતાબેન જેરામભાઈ દાવડા (વસંત એન્જિ. વર્કસ) (રૂા. ૮૧,૭૭૬) નો સમાવેશ થાય છે.જ્યારે ચાર આસામી દ્વારા કુલ રૂા. ૨,૬૯,૦૭૭ ની બાકી વેરાની રકમ સ્થળ ઉપર ભરપાઈ કરી આપવામાં આવી હતી.

# વીજ ચોરી કરનાર આસામીઓને રૂ.૪૬.૩૭ લાખના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વીજતંત્ર દ્વારા કોર્પોરેટ ડ્રાઇવ હાથધરવામાં આવી હતી. જે અંતર્ગત વીજતંત્રની ૫૨ ટીમ દ્વારાઅલગ અલગ વિસ્તારોમાં ૬૩૪ વીજ જોડાણનું ચેકીંગ કરાયુંહતું. જે પૈકી ૧૦૮જોડાણમાં ગેરરીતિ મળી આવતા વીજ ચોરીકરનાર આસામીઓને રૂ.૪૬.૩૭લાખના દંડનીય બીલફટકારવામાં આવ્યા હતા.જામનગર પીજીવીસીએલ દ્વારા સમયાંતરે હાલારમાંચેકિંગ હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત વીજતંત્રની ૫૨ટીમ દ્વારા ખંભાળિયા ગ્રામ્ય વિસ્તાર તેમજજામનગર શહેરમાં કાલાવડ નાકા બહાર બેડેશ્વર દરબારગઢનવાગામ ગુલાબનગર સહિતના વિસ્તારોમાં દરોડા પાડીનેવીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કુલ૬૩૪વીજજોડાણ ચેક કરવામાં આવ્યા હતા. જે પૈકી૧૦૮જોડાણમાં ગેરરીતિ ખુલતા વીજચોરી કરનારઆસામીઓને રૂ. ૪૬.૩૭લાખના દંડનીય બીલ ફટકારવામાંઆવ્યા હતા.જામનગર લાલપુર તેમજજામજોધપુર ગ્રામ્ય પંથકમાં વીજતંત્ર દ્વારાદરોડા પાડવામાં આવ્યા હતા. અંતર્ગતટીમ દ્વારા ૫૮૮ વીજ જોડાણનું ચેકીંગકરાયું હતું. જે પૈકી ૧૧૮જોડાણમાંગેરરીતિ મળી આવતા વીજ ચોરીકરનાર આસામીઓને. રૂ.૪૯.૨૫લાખનાદંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતા.આમ છેલ્લા બે દિવસમાં હાલારમાંથીકુલ ૯૨.૬૨ વીજ ચોરી પકડાઈ છે.આગામી દિવસોમાં વીજ ચેકીંગ યથાવતરહે તેવા નિર્દેશ મળી રહ્યા છે.

# જામનગર જી.જી. હોસ્પિટલના ગાયનેક વિભાગમાં થયેલ ખર્ચના વાયરલ મેસેજ અંગે તપાસના આદેશ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી. હોસ્પિટલ અવારનવાર વાદવિવાદમાં સપડાઇ છે ત્યારે ગાયનેક વિભાગ દ્વારા જુનિયર ડોકટરોને સિનીયરો માટે ચા, કોફી, નાસ્તાના અને જમવાના રુપિયા આપવા પડે છે તેવી વાત સોશ્યલ મીડીયામાં ફેલાયા બાદ તાબડતોબ ડીન ડો. નંદિની દેસાઇએ બે કમિટી નીમી હતી અને તેનો તપાસ રીપોર્ટ આવી ગયો છે અને હજુ એક ત્રીજી હાયર કમિટી તપાસ કરી રહી છે. આમ, સોશ્યલ મીડીયામાં મેસેજ ફરતો થયા બાદ જાગેલી ચર્ચા બાદ તપાસ વેગવંતી બની છે.




જો કે આ પ્રકરણમાં રેંગીગ જેવી કોઇ વાત જ નથી, તેમ ડીન ડો. નંદિનીબેન દેસાઇએ વાતચીતમાં જણાવ્યું છે અને કહ્યું છે કે અમે જુનિયર ડોકટરના એસોસીએશનને પણ સાંભળ્યું છે, ત્યારે આ અંગે કંઇ તપાસમાં નીકળ્યું નથી, છતાં પણ અમે લોકોએ ચા, નાસ્તા અને જમવાનું પણ ત્યાં બંધ કરાવી દીધું છે.સોશ્યલ મીડીયામાં અહેવાલ આવ્યા બાદ તબીબી આલમમાં ભારે ચર્ચા જાગી હતી અને ગાયનેક જુનિયર ડોકટરો સિનીયરોને ચા, પાણી, નાસ્તાના રુપિયા આપે છે, આવી વાત બહાર આવતા પ્રથમ તબક્કાની કમિટી નીમવામાં આવી હતી, ત્યારબાદ ત્રણ સિનીયરો ડોકટરો ડો. મનીષ મહેતા, ડો. વંદના ત્રિવેદી અને ડો. હર્ષની તપાસ સમિતિનો અહેવાલ આવી ગયો છે અને તેમાં પણ કંઇ વાંધાજનક નીકળ્યું નથી, છતાં પણ અમે હાયર કમિટીની રચના કરીને તપાસ કરાવી રહ્યા છીએ, અમારી પાસે એન્ટી રેંગીગ કમિટી અને ક્યુઆર કોડ પણ છે, છતાં પણ અમે જુનિયર ડોકટરના એસોસીએશન સાથે ચર્ચા વિચારણા કરી છે તેઓએ પણ કોઇપણ જાતની ફરિયાદ કરી નથી અને પોલીસ ખાતા તરફથી અમને પૂછવામાં આવ્યું છે અને કોઇએ ગ્રુપમાં લખ્યું હતું અને આ વાત લીક થઇ હતી, વર્ષોથી આ પ્રકારનું ચાલ્યું આવતું હોય છે, પ્રથમ અને દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા લોકો સાથે બેસીને ચા, પાણી, નાસ્તો અને જમતા હોય છે, છતાં પણ અમે આ બનાવ બન્યા બાદ આ વસ્તુ બંધ કરાવી દીધી છે.હોસ્પિટલમાં રેંગીગની કોઇ ઘટના જ નથી, તે વાત પર ભાર મુકતા ડો. નંદિની દેસાઇએ કહ્યું હતું કે, છતાં પણ અમે રેસીડન્ટ ડોકટર પાસેથી લેખિત જવાબ માંગવાના છીએ અને આ પ્રકારની કાર્યવાહી કરી દીધી છે, એટલું જ નહીં કોલેજ કાઉન્સીલના ૨૨ વિભાગના વડા સાથે મીટીંગ યોજી છે, સોશ્યલ મીડીયામાં આ વાત મુકાતા હોબાળો મચી ગયો હતો, પરંતુ રેંગીગ જેવી કોઇ ઘટના નથી, પરંતુ હાયર કમિટી પર એક-બે દિવસમાં તેનો અહેવાલ આપી દેશે.

# વાંકાનેરના સિંધાવદર ખાતે 'એલ્ડર હેલ્પ લાઈન' દ્વારા યોજાયો જાગૃતિ કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, મોરબી**

'એલ્ડર હેલ્પ લાઈન ૧૪૫૬૭' દ્વારા વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામની એસ.એમ.પી. સ્કૂલ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીને સ્વરક્ષણ તાલીમ આપી વરિષ્ઠ નાગરિક હેલ્પ લાઈન ૧૪૫૬૭, વૃદ્ધોના અધિકાર, વૃદ્ધોના કાયદા, ટ્રાફિક અવરનેસ તથા સાઇબર ક્રાઇમ ૧૯૩૦ હેલ્પ લાઇન વિશે જાણકારી આપી વિવિધ સરકારી યોજના અંગેની માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવતી મહિલાલક્ષી 'જીંઉ ટીમ'ની કામગીરી સહિત મહિલા તથા કિશોરીને ઘરેલુ હિંસા વિશે માહિતી આપી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વાંકાનેર તાલુકાના પીએસઆઇ એલ. એ. ભરગા, તાલુકા પોલીસ સ્ટેશન ટીમ, એલ્ડર હેલ્પ લાઈન, મોરબી જિલ્લા ફિલ્ડ રિસ્પોન્સ ઓફિસર રાજદીપ પરમાર, શાળાના આચાર્યશ્રી, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ભાગ લઈને માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યશ્રી બાદી દ્વારા પ્રોગ્રામની માહિતી આપી સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# ઉનામા હિન્દુ યુવા સંગઠન તથા શિવસેના દ્વારા રામ લલ્લાના પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે કતલખાનાઓ બંધ રાખવા પ્રાંત અધિકારીને રજૂઆત

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉના ગીર સોમનાથ દ્વારા ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ હિન્દુ યુવા સંગઠન ભારત ઉના તથા શિવસેના ઉના ગીર સોમનાથ દ્વારા ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં આરાધ્ય ભગવાન શ્રીરામના પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે નોનવેજ ની લારીઓ દુકાનો તેમજ કતલખાનાઓ બંધ રાખવા બાબતે પ્રાંત અધિકારી ને આવેદનપત્ર પાઠવી રજૂઆત રજૂઆત કરી છે




આજરોજ હિન્દુ યુવા સંગઠન ભારત ઉના તથા શિવસેના ઉના ગીર સોમનાથ દ્વારા ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અયોધ્યા ખાતે ભારત દેશના નાગરિકો દ્વારા જેની રાહ જોતા હોય તેવા આપણા આરાધ્ય ભગવાન શ્રીરામના પ્રતિષ્ઠા મહોત્સવ ના દિવસે ગીર સોમનાથ જિલ્લામાં તથા ઉના તાલુકા ની તમામ નોનવેજ ની લારીઓ તથા દુકાનો તેમજ કતલખાનાઓ બંધ રાખવા બાબતે પ્રાંત અધિકારી ને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

# જામનગર મહાનગરપાલિકાના રિવાઈઝ્ડ સેટઅપને સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી: કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓને પગાર મળશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પાણીની પાઈપલાઈન નાખવા માટે ઉપયોગ કરાયેલ ૪૪ ખેડૂતોની જમીન અન્વયે રૂા. ૧૩૬ લાખનું વળતર ચૂકવવામાં સ્ટેન્ડિંગ કમિટીએ નિર્ણય કર્યો છે. જ્યારે નવું સેટઅપ મંજૂર કરવાની દરખાસ્તનો સ્વીકાર કરી આખરી મંજૂરી માટે સામાન્ય સભામાં મોકલવા નિર્ણય લેવાયો હતો.



જામનગર મહાનગર-પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં. ૧૧ સભ્યો મેયર, ડે. મેયર, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, નાયબ કમિશનગર વાય. ડી. ગોહિલ, ઈચા. આસિ. કમિશનર (ટેક્ષ) જિજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.ભૂગર્ભ બોક્સ ગટરની સફાઈ પાવર બેકેટ મશીનથી કરવાની દરખાસ્ત અન્વયે રૂા. ૨૫ લાખ ૩૦ હજાર ઉપજ મંજૂર કરાયેલ છે. પ્રોવાઈડિંગ સપ્લાયિંગ, લેવોલિંગ, લેઈંગ, ટેસ્ટિંગ એન્ડ કમિશનિંગ ઓફ ૧૦૦૦ એમએમ ડાયાની ૭.૧ કિ.મી. ડી.આઈ. પાઈપલાઈન કે-૯ રણજિતસાગર ડેમથી મેઈન પમ્પ હાઉસ ફિલ્ટર પ્લાન્ટ સુધીના કામ માટે ખેડૂતોને વળતર ચૂકવવા રૂા. ૧૩૬ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો. વોર્ડ નં. ૧-૬-૭માં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ટ્રાફિક વર્કના કામ માટે ૨ લાખ, વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪ માં જુદી-જુદી કંપનીના અન્ડરગ્રાઉન્ડ કેબલ-ગેસ પાઈપલાઈન, વોટર વર્કસ શાખા દ્વારા કરવામાં આવેલ ટ્રેન્ચમાં સીસી ચિરોડા કરવા રૂા. ૧૦.૯૨ લાખનો ખર્ચ અને વોર્ડ નં. ૧-૬-૭માં કેનાલ બ્રિજના સ્ટ્રેન્થનિંગ એન્ડ અપગ્રેડેશનના કામ માટે રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. જાડાની ૧૦૦ ટકા ગ્રાન્ટ અન્વયે ઢીંચડામાં પાણીના ટાંકા પાસે કોમ્યુનિટી હોલ બનાવવાના રૂા. ૩૪ લાખ ૪૮ હજાર, કોન્ટ્રાક્ટ બેઇઝથી કામ કરતા ૧૧૦ કર્મચારીઓને મહેનતાણામાં ૫ ટકાનો વધારો કરવાની દરખાસ્ત અન્વયે ૧૦ ટકાનો વધારો કરવા નિર્ણય લેવાયો હતો. હરિયા કોલેજ રોડ, સાંઢિયા પુલથી કનસુમરા સુધી ૧૮ મીટર પહોળા રેલવે ટ્રેકને સમાંતર ડી.પી. રોડ બનાવવાની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરાયો છે.જામનગર મહાનગર-પાલિકામાં મંજૂર થયેલ રિવાઈઝ્ડ સેટઅપમાં સુધારો કરવાની દરખાસ્તનો સ્વીકાર કરાયો હતો. જેમાં વર્ગ ૧ ની ૧૪ જગ્યા (ડે. કમિશનર, આસી. કમિશનર, મેડિકલ ઓફિસર, સિટી ઈજનેર, એક્ઝિ. એન્જિ. (ડ્રેનેજ), કાર્યપાલક ઈજનેર (પર્યાવરણ અને ઈલેક્ટ્રીક) વર્ગ-૨ ની ૧૦૭ જગ્યા, વર્ગ -૨ ની ૧૯૩ અને ૪૭૩ જગ્યા અને વર્ગ-૪ની ૩૯૦ જગ્યાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઓડિટ શાખાનું ૨૭ જગ્યાનું સેટઅપ તથા સેક્રેટરી શાખાનું ૩૬ જગ્યાના સેટઅપનો સમાવેશ થાય છે. આ તમામ દરખાસ્તનો સ્વીકાર કરી આખરી મંજૂરી માટે સામાન્ય સભા તરફથી મોકલી આપવામાં આવેલ છે. બેઠકમાં કુલ રૂા. ૨ કરોડ ૧૩ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી છે.

# મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળામાં ઉજાસ ભણી કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા તરૂણ અને તરુણીઓ માટે જ ૧૧ જેટલા જરૂરી તાલીમ વિષયો આયુષ્યમાન ભારતના શાળા આરોગ્ય કાર્યક્રમની માર્ગદર્શિકા પ્રમાણે કિશોરાવસ્થાની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ વિવિધ થીમ આધારિત વિષયો પસંદ કરવામાં આવેલ છે.

શાળાએ જતા વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને સુખાકારી સર્વોચ્ચ મહત્વ ધરાવે છે કારણ કે એ એમના શિક્ષણ અને વિકાસને અસર કરે છે,માટે શાળાએ જતા બાળકોનો તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ થાય,બાળપણ ગયું અને કિશોરાવસ્થામાં પ્રવેશવાનો આનંદ,કિશોરાવસ્થામાં થતા શારીરિક ફેરફાર,કિશોરોનું ભાવનાત્મક અને માનસિક આરોગ્ય,આંતર વૈયક્તિક સબંધ મૂલ્યો અને નાગરિકતા, જેન્ડર સમાનતા,પોષણ,આરોગ્ય અને સ્વચ્છતા, નશીલા પદાર્થોના દુરુપયોગની રોકથામ અને વ્યસ્થાપન, આરોગ્યપ્રદ જીવનશૈલી જેવા વિષયોની સમજ એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ ઉજાસ ભણી..અંતર્ગત આપવામાં આવે છે ત્યારે મોરબીની PMSHRI માધાપરવાડી કન્યા શાળામાં શૈલેષભાઈ કાલરીયાએ ધો.૬ થી ૮ ની ૧૫૦ જેટલી બાળાઓને પ્રોજેક્ટરમાં વિવિધ કલીપનું નિર્દેશન કરાવી, યોગ અને ધ્યાનની પ્રવૃત્તિ કરાવી હતી.અને ખુબજ સરળ રીતે ઉજાસ ભણી વિષય સમજાવ્યો હતો.

# ટંકારા આઈટી સેલના ઇન્ચાર્જ તરીકે કુલદીપ ચાવડાઃ સહ ઇન્ચાર્જ તરીકે વિવેક સંઘાણીની નિમણૂંક

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબી જીલ્લા સંગઠન પ્રભારી ડો.હિતેષભાઈ ચૌધરી તથા જીલ્લા અધ્યક્ષ રણછોડભાઈ દલવાડી તથા જીલ્લા મહામંત્રી કે.એસ.અમૃતિયા, નરેન્દ્રસિંહ ઝાલા, જેઠાભાઈ મિયાત્રા સાથે પરામર્શ કરીને મોરબી જીલ્લાની આઇટી સેલ કારોબારી તથા વિધાનસભા અને મંડલ ઇન્ચાર્જ- સહ ઇન્ચાર્જની નિમણૂંક કરવામાં આવી છે.



જેમાં ટંકારા તાલુકા આઇટી સેલના ઇન્ચાર્જ તરીકે કુલદીપભાઈ ચાવડા તેમજ આઇટી સેલના સહ ઇન્ચાર્જ તરીકે વિવેક સંઘાણીની નિમણૂંક કરવામાં આવી છે. વિવેક સંઘાણી ટંકારાના સીતપર ગામના વતની છે તેઓ ૫ વર્ષથી નસીતપર જુથ સેવા સહકારી મંડળીના યુવા મંત્રી તરીકે ફરજ બજાવે છે અને ખેડૂતો માટે ઉત્કૃષ્ટ સેવાઓ પણ આપે છે અને હર હંમેશા સમાજ સેવાના અને ગૌ સેવાના કાર્યોમાં અગ્રેસર હોય છે. તેમજ લાઇન્સ ક્લબ ટંકારાના પણ મેમ્બર છે. ત્યારે ઠેર-ઠેરથી કુલદીપભાઈ ચાવડા તથા વિવેક સંઘાણીને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# રાજુલાના માંડળ ગામે જીલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં PM-JANMAN કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા તાલુકાના માંડળ ગામે પ્રાથમિક શાળા ખાતે પીએમ PM-JANMAN કાર્યક્રમનુ આયોજન કરાયું હતુ અને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કરાયો હતો. આ તકે પધારેલા અધિકારીઓ અને આગેવાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યું આ કાર્યક્રમના પ્રારંભે સીદી સમુદાયના કલાકારોએ પારંપારિક ધમામલ નૃત્યની પ્રસ્તુતિ કરી અને શાળાની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કર્યુ હતુ તેમજ સરકારની તમામ યોજનાઓ જેમકે આધારકાર્ડ, રેશનકાર્ડ, ગરીબ અન્ન કલ્યાણ યોજના, સુધારા કામ, કુવરબાયનુ મામેરૂ, આવક તેમજ જાતિના દાખલા, ઈશ્રમકાર્ડ, પી.એમ.કિસાન યોજના, આયુષમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્વવલા યોજના અને વહાલી દીકરી યોજના સહિત વિવિધ યોજનાકીય સહાય લાભાર્થીઓને સ્થળ પર જ મળી રહે તે માટે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યું હતું. સાથોસાથ પ્રધાનમંત્રી દ્વારા લાઇવ પ્રસારણ સાથે આદિમ જૂથના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના આદિમ જૂથ એવા સીદી લોકોને વિવિધ યોજનાકીય સહાયથી લાભાન્વિત કરવામાં આવ્યાં. રાજુલા તાલુકાના માંડળ અને મોરંગી ગામના ૧૩૪ લાભાર્થીઓના આધારકાર્ડ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનિય એ છે કે, સમગ્ર ભારતમાં આદિમ જૂથોના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) અમલમાં મૂકવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય અભિયાન (PM-JANMAN) અંતર્ગત જનજાતિ આદિમ જૂથના લોકોને વિવિધ યોજનાકીય સહાય - લાભો પહોંચાડવાની નેમ છે. ત્યારે માંડળ ગામે (PM-JANMAN) કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર અજય દહિયા, જીલ્લા પ્રમુખ ભરતભાઇ સુતરીયા, પ્રાંત અધિકારી, મામલતદાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.....

# લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા આશા નમકીન યુનીટ પર ફૂડ વિભાગનો દરોડો

## દીનદયાલ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલી આશા નમકીન ફેક્ટરીમાંથી અખાદ્ય દાબેલા ચણા અને મગનો ૫૨૦૦ કિલો જથ્થો ઝડપાયો







(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાથતા હોવાના અનેક બનાવો સામે આવી રહયા છે. રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા નિયમીત રીતે ચેકીંગ હાથ ધરવામાં આવી રહયું છે. આજે શહેરના આજી વસાહત એરીયામાં આવેલ આશા નમકીન ના કારખાના પર ફૂડ શાખાની ટીમ ત્રાટકી હતી અને દાબેલા ચણા અને મગનો મોટો અખાદ્ય જથ્થો ઝડપ્યો હતો.

મહાનગરપાલીકા માંથી મળેલી માહિતિ મુજબ આજે સવારે આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી તેમજ અન્ય આરોગ્ય વિભાગના અધિકારીઓની ટીમ દીનદયાલ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ત્રાટકી હતી. આ વિસ્તારમાં આશા નમકીન નામની ફેકટરી આવેલી છે. આ ફૂડ નું ઉત્પાદન કરતા યુનીટ માં આરોગ્ય વિભાગની ટીમે ચેકીંગ હાથ ધર્યુ હતું. આ ફેકટરીમાં દાબેલા ચણા અને મગનો મોટો વાસી જથ્થો ઝડપાયો હતો. આરોગ્ય વિભાગની ટીમે આ અંગે તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી હતી. આ તમામ જથ્થાનો નાસ કર્યો હતો.

# અમરેલીમાં મહિલાને લગ્નની લાલચ આપી પોલીસ કર્મી.એ આચર્યુ દુષ્કર્મ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમરેલી જિલ્લાના ચલાલા પોલીસ કર્મચારીએ અમરેલીની એક મહિલાને લગ્નની લાલચ આપીને વારંવાર દુસ્કર્મ આચરી લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો. જે અંગે ચલાલા પોલીસ મથક ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારી સામે અમરેલી તાલુકા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો હતો. આ બનાવમાં અમરેલી પોલીસ મથકમાં જાણવા મળ્યું હતું કે બન્ને વચ્ચે છેલ્લા એકાદ વર્ષથી પ્રેમ સંબંધ હતો અને બન્ને લગ્ન કરવાના હતા. પરંતુ પોલીસકર્મીએ લગ્નની લાલચ આપી યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ લગ્નનો ઇનકાર કરી દીધો હતો અને ત્યારબાદ યુવતીએ પોલીસનું શરણ લીધું હતું.

અમરેલી જીલ્લામાં શર્મશાર કરતી એક ઘટના સામે આવી છે.જેમાં લગ્નની લાલચ આપી ખુદ પોલીસ કર્મચારીએ જ એક ૩૫ વર્ષીય યુવતીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે, અમરેલીના કામનાથ સોસાયટી વિસ્તારમાં રહેતી એક ૩૫ વર્ષીય ઘરકામ કરતી યુવતીને ચલાલા પોલીસ મથક ખાતે હાલ ફરજ બજાવતા મહેશ રાઠોડ નામના કર્મચારી દ્વારા તેની સાથે વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે ત્યાર બાદ લગ્ન કરવાનો ઇન્કાર કરી દીધો હતો.

તો ગત તારીખ ૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ અલગ-અલગ સમય પર યુવતી સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી અને દુષ્કર્મ આચર્યું હતું.તો છેલ્લા નવ મહિનાથી પોલીસ કર્મચારી તેની સાથે મારકૂટ કરી રહ્યો હોવાનો યુવતી દ્વારા પોલીસ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો. આ બનાવને લઈને પોલીસ દ્વારા આઈપીસી કલમ ૩૭૬(૨)(એન),૩૨૩ મુજબની કલમો હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી અમરેલી તાલુકા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી.આ ગુન્હાને લઈને પીએસઆઈ કે.એસ ડાંગર તપાસ ચલાવી રહ્યા છે. આ સમગ્ર ઘટના અંગે અમરેલી પોલીસવડાએ ગંભીરતા દાખવી અને આરોપીને પકડી લેવા સ્થાનીક પોલીસને સુચન કર્યું છે તેમજ આરોપીની સામે સસ્પેન્શનના પગલા પણ તોળાઈ રહ્યા છે.

# વિંછીયાના છાસીયા ગામે યુવાનનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિછીયા તાલુકાના છાસિયા ગામે રહેતા યુવાને દારૂના નશામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ વીંછીયાના છાસિયા ગામે રહેતા રમેશભાઈ છગનભાઈ ઝાપડિયા નામનો ૪૦ વર્ષનો યુવાન રાત્રિના સાડા અગિયારેક વાગ્યાના અરસામાં પોતાની વાડીએ હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે વિછીયા પોલીસને જાણ કરતા વિછીયા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રમેશભાઈ ઝાપડિયા બે ભાઈ બે બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે રમેશભાઈ ઝાપડિયા દારૂના નશામાં રાત્રિના પત્ની અને બાળકો સાથે ઝઘડો કરતો હતો અને બાદમાં દારૂના નશામાં ઝેરી દવા પી લેતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# એપાર્ટમેન્ટના પાર્કીંગમાં કબ્જો જમાવનાર માતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગઃ ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડીનાકા ટાવર અંદર આવેલ ગોકુલધામ એપાર્ટમેન્ટમાં પહેલા માળે રહેતા અને સોનીકામ કરતા હિતેશભાઈ મુકુંદભાઈ ધોળકિયા ઉ.૪૮એ મહેશભાઈ ડાયાભાઈ રાતડીયા અને તેના માતા જશુબેન ડાયાભાઇ રાતડીયા સામે એ ડીવીઝન પોલીસ મથકમાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે છેલ્લા સાત વર્ષથી આ એપાર્ટમેન્ટમાં રહે છે અગાઉ આ બિલ્ડીંગમાં ડાયાભાઇ ચોકીદાર તરીકે નોકરી કરતા હતા પરંતુ તે ત્રણેક વર્ષથી ચોટીલા પંથકમાં ધાર્મિક સ્થાને સ્થાયી થઇ ગયા હતા તેમણે નોકરી મુક્યા બાદ તેના પૂત્ર મહેશ અને પત્ની જશુબેન બળજબરીથી બિલ્ડીંગમાં ઘુસી ગયા હતા અને પાર્કિંગમાં ઢોર બાંધી ઘાસચારો નાખી કબજો કરી લીધો હતો આ ઉપરાંત રહેવા માટે રૂમ અને બાથરૂમ પણ બનાવી લીધા હતા આ એપાર્ટમેન્ટમાં ૨૦ ફ્લેટ હોય સંયુક્ત માલિકીની ૧૫ લાખની ૩૦૪.૦૮ ચોરસ મીટર મિલકતમાં ગેરકાયદે કબજો કરી લીધો હોય અનેકવાર જગ્યા ખાલી કરવા જણાવ્યું હતું પરંતુ કબજો ખાલી નહિ કરતા આ અંગે કલેકટરની લેન્ડગ્રેબિંગ કમિટીમાં અરજી કરી હતી જે અન્વયે ગુનો નોંધવા હુકમ કરતા ફરિયાદ નોંધાવતા એસીપી બી જે ચૌધરી સહિતના સ્ટાફે આરોપી માતા-પૂત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદથી ઉપડતી ૬ ટ્રેન રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત ફકત કાગળ પર!

## રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશે ચાર માસ પહેલાં આ જાહેરાત કરી હતી પરંતુ હજુ અમલ થયો નથી

**મુખ્ય સમાચાર, રાજકોટ**





રાજકોટનાં રેલવે સ્ટેશન પરથી અનેક ટ્રેનો દોડે છે અને તાજેતરમાં જ ઇલેક્ટ્રિક ટ્રેક પણ બનાવવામાં આવ્યો છે. પરંતુ ગત સપ્ટેમ્બર મહિનામાં રેલ રાજયમંત્રી દર્શના જરદોશ દ્વારા અમદાવાદથી ઉપડતી અને આવતી કુલ ૬ જેટલી ટ્રેનને રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે આ જાહેરાતને ૪ મહિના જેટલો સમય વીતી જવા છતાં ટ્રેનોને લંબાવવામાં આવી નથી. જેને લઈને ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટીનાં સભ્ય દ્વારા વડાપ્રધાનને રજૂઆત કરાઈ છે. જેમાં આ તમામ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

ગત તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૨૦૨૩નાં રોજ રેલવે રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા તેમના ટ્વિટર હેન્ડલ પરથી અમદાવાદથી ઉપડતી ૬ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવા જાહેરાત કરાઈ હતી. જેમાં પટના એક્સપ્રેસ, પ્રયાગરાજ એકસપ્રેસ, કોલકતા એક્સપ્રેસ, કોલ્હાપુર એક્સપ્રેસ, પ્રેરણા એક્સપ્રેસ, હઝરત નિઝામુદ્દીન એકસ (અક્ષરધામ એક્સપ્રેસ)નો સમાવેશ થાય છે. જોકે આ પૈકીની કોઈ ટ્રેન આજદિન સુધી લંબાવવામાં આવી નથી. જેને લઈ મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ઉપરાંત પણ દુરંતો ટ્રેનને હાપાથી જામનગર અને વંદે ભારત ટ્રેનને સુરત સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. પરંતુ આ બંને ટ્રેનો પણ હજુ સુધી લંબાવવામાં આવી નથી. સમગ્ર મામલે રેલવે સલાહકાર સમિતિના સભ્ય હોવાને નાતે મેં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને રજુઆત કરી છે. જેમાં તમામ ૬ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવા તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે. ડબલ ટ્રેક પૂર્ણ થયાને ૧૧ મહિના થવા છતાં ટ્રેનો લંબાવવામાં આવી નથી. ત્યારે રાજકોટના મુસાફરોને રાહત મળે તે માટે આ ટ્રેનો લંબાવવામાં આવે તેવી મારી માંગ છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટનાં મુસાફરો મોટી સંખ્યામાં લાંબા અંતરની આ તમામ ટ્રેનો દ્વારા મુસાફરી કરતા હોય છે. હાલ આ પૈકી કોઈપણ ટ્રેનમાં જવા માટે મુસાફરોને અમદાવાદ સુધી પહોંચવું ફરજીયાત થઈ જાય છે. જો આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવે તો રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રભરના મુસાફરોને મોટી રાહત મળી શકે તેમ છે. આ માટે જ રેલ રાજ્યમંત્રી દ્વારા પણ જાહેરાત કરવામાં આવી હતી. જોકે હવે વડાપ્રધાનને રજુઆત થયા બાદ આ મામલે ક્યારે અને શું પગલાં લેવાશે તે તો આવનારો સમય જ બતાવશે.

# મોરબી જીલ્લા પંચાયત દ્વારા દિવ્યાંગ બાળકો માટે મેડિકલ તથા આધારકાર્ડના કેમ્પનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયત દ્વારા મોરબી જીલ્લાના કુલ ૧૮૯ દિવ્યાંગ બાળકો માટે મેડિકલ કેમ્પ તથા યૂડીઆઈડી કાર્ડ કઢાવવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે મોરબી વિકાસ અધિકારી દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મોરબી જીલ્લાના કુલ ૧૮૯ બાળકો માટેના સ્પેશ્યલ મેડિકલ કેમ્પ તથા તેના આધારે યૂડીઆઈડી કાર્ડ મળે તેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અત્યાર સુધીમાં સ્પેશ્યલ મેડિકલ કેમ્પમાં દિવ્યાંગ બાળકોને ચેક કર્યા તેમાં ૧૫૬ બાળકો એવા છે જેને જન્મજાત બીમારી હોય જેવી કે સ્પીચ ડિસએબિલીટી, મલ્ટીપલ ડિસઓર્ડર તથા બ્લાઇન્ડનેસ જેવી બીમારીની સારવાર તથા કેમ્પમાં મોકલવાનું આયોજન કરવામાં આવશે. તથા કુલ ૩૩ દિવ્યાંગ બાળકો છે તેને હીયરીંગની તકલીફ છે જે તમામ બાળકોને જામનગર તથા રાજકોટ ખાતે આવતા મંગળવાર તથા બુધવારના રોજ રીફર કરીશું. જામનગર જે બાળકોને મોકલવામાં આવશે તેની સાથે એક મેડિકલ ટીમ તથા એક શિક્ષક, વાલીઓને બસમાં જવા માટેનું તમામ આનુષંગિક આયોજન મોરબી જીલ્લા પંચાયત દ્વારા કરવામાં આવશે.

આ સિવાય વિશેષમાં દિવ્યાંગ બાળકોને સરકાર તરફથી મળતી વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે સમાજ સુરક્ષા વિભાગ દ્વારા ટ્રાન્સપોર્ટ સુવિધા, એસ્કોર્ટ એલાઉન્સ, ગર્લ સ્ટાઇપન્ડ જેવી યોજનાઓનો લાભ મળી રહે તે માટેના સમસ્ત વિભાગના સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ અત્યારે હાજર રાખવામાં આવ્યાનું જણાવ્યું હતું.

# મોરબીમાં નકલી દારૂ બનાવવા માટે ગોડાઉન ભાડે આપનાર માલિકની ધરપકડ

## મોરબી કોર્ટે આગોતરા જામીન અરજી રદ કરતા એલસીબી ટીમે કરી ધરપકડ


**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વરમા નકલી દારૂ બનાવવાની ફેકટરી ઝડપાવાની ચકચારી ઘટનામાં પોલીસે અત્યાર સુધીમાં ૧૭ આરોપીઓની ધરપકડ કર્યા બાદ દારૂ બનાવવા માટે ગોડાઉન ભાડે આપનાર ગોડાઉન માલિકની મોરબી એલસીબી ટીમે ધરપકડ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના રફાળેશ્વર જીઆઇડીસીમાંથી નકલી દારૂ બનાવવાની ફેકટરી ઝડપાવા પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર એવા ઉત્તરપ્રદેશના દિપક સુરેન્દ્ર પાંડે અને દારૂ બનાવવા માટે રો મટીરીયલ સપ્લાય કરનાર પુણે મહારાષ્ટ્રના દિનેશ જગદીશ ગોયેલ અગ્રવાલની ધરપકડ કર્યા બાદ નકલી દારૂ બનાવવા માટે ગોડાઉનની જગ્યા ભાડે આપનાર હાલ સાંગલી મહારાષ્ટ્રમાં રહેતા અરવિંદ બચુભાઇ કોરિંગાએ નામદાર મોરબી સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરતા નામદાર કોર્ટે આગોતરા જામીન અરજી રદ કરતા આરોપી ગોડાઉન માલિક અરવિંદ બચુભાઇ કોરિંગાની ધરપકડ કરી છે.

આ ચકચારી બનાવને પગલે મોરબી પોલીસે મોરબી જિલ્લાના તમામ લોકોને અનુરોધ કરતા જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિને દુકાન, મકાન કે ગોડાઉન ફેક્ટરી જેવી મિલકત ભાડે આપતા પહેલા ભાડે મિલકત રાખનારની તમામ પાસાઓથી ચકાસણી કરવી જેથી કરીને આગળ જતા ગેરકાનૂની પ્રવૃત્તિમાં સંડોવણીથી બચી શકાય.

# લોક સાહિત્યકાર રમેશ વ્યાસનું 'મેરે ઘર રામ પધારે'નું યુ-ટયુબ ચેનલ પર લોન્ચીંગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જાણીતા લોકસાહિત્યકાર રમેશ વ્યાસની કલમે લખાયેલ અને તેમના જ અવાજમાં રેકોર્ડ થયેલાં ભગવાન શ્રી રામનું ગીત 'મેરે ઘર રામ પધારે હૈ'નું તાજેતરમાં લોન્ચીંગ કરાયું હતું. રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાના હસ્તે યુ-ટયુબમાં રમેશ વ્યાસ ઓફીશ્યલ ચેનલ ઉપર લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીતુભાઈ મહેતા, મુરલીભાઈ દવે, હિમાંશુભાઈ મહેતા, કુલદીપ ગોસાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસદ સભ્ય રામભાઈ મોકરિયાએ ભગવાન શ્રી રામના આ ગીતને અને વિડિયોને બિરદાવ્યું હતું.

# જામનગરમાં ગુરુદ્વારા ખાતે ગુરુગોવિંદ સિંઘની ૩૫૮મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર ખાતે ગુરુદ્વાર ગુરુ સિંઘ સભામાંગુરુ ગોવિંદ સિંઘજીની ૩૫૮મી જન્મ જયંતિની ધામધૂમ પૂર્વક મનાવવામાં આવી હતી. તા ૧૭ જનવરી ના રોજ સવારે ૮ વાગે ગુરુદ્વારાથી જી જી હોસ્પિટલ સુધી નગર કીર્તન રૂપે જઈને ગુરુ ગોબિંદ સિંઘજી પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યું હતું જેમાં જી જી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. દીપક તિવારી, ડીન ડો .નંદની દેસાઈ,ડો.વસાવડા તથા હોસ્પિટલના સ્ટાફ અને એક્સ આર્મીમેન અને ગુરુદ્વારની સંગતની હાજરીમા હોસ્પિટલ ખાતે પ્રાર્થના કરવામાં આવી હતી, જેમાં હોસ્પિટલમાં દર્દીઓના સ્વસ્થ જલ્દી ઠીક થાય એવી પ્રાર્થના કરાઈ હતી. ગુરુદ્વારા ખાતે આજે રોજ સેજ પાઠજી ની સમાપ્તિ સવારે ૧૦:૩૦ વાગે કરવા આવી હતી , તે પછી શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, પંજાબ થી વિશેષ રૂપથી પધારેલા જ્ઞાની પ્રિતપાલ સિંઘ અને ભાઈ મહોર સિંઘજી એ કથા,શબ્દ કીર્તન કર્યું હતું આ કાર્યક્રમમાં મોટી સંખ્યા લોકો ગુરુદ્વારા ખાતે શ્રદ્ધાળુએ માથું ટેકીને શબ્દ કીર્તનનું લાભ લીધો હતો, ત્યારબાદ ગુરુકા લંગર પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું,

# ધારાસભ્ય દુર્લભજી દેથરીયા દ્વારા મોરબીના અદેપર ગામના મંદિરમાં સફાઇ અભિયાન હાથ ધરાયું

## ધર્મસ્થાનો ખાતે સફાઇ અભિયાનમાં સહભાગી બનતા અદેપરના ગ્રામજનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



સમગ્ર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ ભ્રમણ કરી રહ્યા છે. જે અન્વયે મોરબી જિલ્લાના અદેપર ગામમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના રથનું આગમન થયું હતું. આ યાત્રા દરમિયાન ધારાસભ્ય દુર્લભજી દેથરીયાએ શ્રમદાન કરી અદેપર ખાતે મંદિરની સફાઇ કરી હતી.

અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો પવિત્ર અવસર આગામી તા.૨૨મી જાન્યુઆરીના રોજ યોજાનાર છે. જે સંદર્ભે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરના તમામ નાના મોટા ધર્મસ્થાનો ખાતે સાર્વત્રિક રીતે સંપૂર્ણ સાફ સફાઈ હાથ ધરવા આહવાન કર્યું છે. જે અંતર્ગત મોરબી જીલ્લામાં વિવિધ ધાર્મિક સ્થાન અને આસપાસના રસ્તાઓની સાફ સફાઇ કરવામાં આવી રહી છે.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' સુત્રને સાર્થક કરતા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે મોરબીના અદેપર ગામના મંદિરમાં ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઇ અભિયાનમાં ધારાસભ્ય સાથે ગ્રામજનો પણ જોડાયા હતા. મોરબીના અદેપર ગામના મંદિરમાં સાફ સફાઈ કરીને મંદીર પરીસરને સ્વચ્છ અને સુઘડ બનાવવામા આવ્યુ હતુ.

ઉલ્લેખનીય છે કે, આગામી તા.૨૨ જાન્યુઆરી સુધી મોરબી જિલ્લામાં ધાર્મિક સ્થળો ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાફ સફાઈની પ્રવૃતીઓ હાથ ધરવામાં આવનાર છે.

# જામનગરમાં વિદેશી દારુની હેરાફેરી કરતા બે પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના નુરી ચોકડી વિસ્તારમાં સીટી-એ ડીવીઝને વિદેશી દારુની ૧૮ બોટલ સાથે બે શખ્સને દબોચી લીધા હતા, દારુ અને એકસેસ બાઇક મળી ૫૯ હજારનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ પ્રોહી જુગાર શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ સીટી-એ ડીવીઝન પોલીસ સ્ટેશન પીઆઇ એન.એ. ચાવડાની સુચનાથી સર્વેલન્સ સ્કોડના માણસો પ્રોહી જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કોન્સ વિક્રમસિંહ જાડેજા, પો.હેડ કોન્સ રવીરાજસિંહ જાડેજાને ચોકકસ રાહે બાતમી મળેલ કે.કાલાવડનાકા તરફથી એક મોટરસાયકલ નં.જીજે૧૦ડીએલ-૦૦૯૧ લઇને બે ઇસમો વિદેરી દારુની બોટલો રાખી હેરફેર તથા વેચાણ કરવા નીકળવાના છે.જે હકીકત આધારે નુરી ચોકડી નુરીપાર્ક પાસે એકસેસ મોટરસાયકલની વોચમા હતા દરમ્યાન બે ઇસમોને પોતાના કબ્જાની મોટરસાયકલમાં દારુની ૧૮ બોટલ કિ. ૯૦૦૦, એકસેસ બાઇક કિ. ૫૦૦૦૦ મળી કુલ ૫૯ હજારના મુદામાલ સાથે રેઇડ દરમ્યાન કિશાન ચોક પાસે, શાલીમાર હોટલવાળી ગલીમાં રહેતા આરોપી નાજીર હાસમ ખફી (ઉ.વ.૨૬), ફૈઝલ હસન આરબ રહે. ઘાંચીવાડ, ઘાંચીની ખડકી પાસે જામનગરવાળાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# મોરબીમાં યુવાનને મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવાના ગુનામાં નામચીન રાણીબા સહિત બેના જામીન મંજુર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની રવાપર ચોકડીએ અનુ.જાતિના યુવાનને પગાર આપવાને બદલે માર મારવાના પ્રકરણમાં પોલીસે કુલ આઠ આરોપીની ધરપકડ કરી હતી. જેમાં મુખ્ય સૂત્રધાર રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ સહિત બે આરોપીને કોર્ટે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. મોરબીની રવાપર ચોકડીએ પગારની માંગ કરનાર અનુસૂચિત જાતિના યુવાનને માર મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવામાં આવ્યો હતો. જે બનાવ મામલે પોલીસ મથકમાં ૧૨ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે ફરિયાદને પગલે આરોપી ડી રભારીની ધરપકડ બાદ વિભૂતિ પટેલ ડી ઉર્ફે રાણીબા, ઓમ પટેલ અને રાજ ડ પટેલ એમ ત્રણ આરોપી પોલીસ સમક્ષ હાજર થયા બાદ રિમાન્ડ પુરા થતા જેલ હવાલે કરવામાં આવ્યા હતા. તેમજ પરીક્ષિત



સુધીરભાઈ ભગલાણી, ક્રીશ મેરજા, પ્રીત વડસોલા અને જેનિથ ઉર્ફે જેનીયો ભીમાણી એમ કુલ આઠ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. હાલ જેલ હવાલે રહેલી મુખ્યસુત્રધાર વિભુતી પટેલ ઉર્ફે રાણીબા અને રાજ પટેલે જામીન મુક્ત થવા મોરબી કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા અને રાજ પટેલના બચાવ પક્ષે રોકાયેલા એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ મોરબી કોર્ટે મુખ્ય સૂત્રધાર વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા અને રાજ પટેલને જામીનમુક્ત કરતો હુકમ કર્યો છે. આરોપીઓ પૈકી ડી.ડી.રબારી બાદ ક્રીશ મેરજા અને પ્રિત વડસોલાને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા તેમજ જેનિથ પણ જામીન પર છૂટી ગયો હતો ત્યારે જેલમાં બંધ પરીક્ષિત અને ઓમ પટેલ દ્વારા મોરબી કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી વકીલ મનીપ ઓઝા મારફત બંને આરોપીએ કરેલી અરજીને કોર્ટે માન્ય રાખતા આરોપીનો જામીન પર છુટકારો થવા પામ્યો છે.

# હળવદમાં સેન્ટ્રીંગ કામ બાબતે માથાકુટ થતા હત્યાઃ ભાઈઓ પર છરી વડે હુમલોઃ એકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હળવદમાં ગોરી દરવાજા વિસ્તારમાં નવી બાંધકામની સાઇટ પર નવા ઇસનપુર ગામના ત્રણ સગા ભાઇઓએ સેન્ટીંગ કામ રાખ્યું હોઇ ત્રણેય સાંજે સાઇટ પર હતાં ત્યારે આ સાઇટ પર છત ભરાઇનું કામ રાખનારા કારીગરોએ સેન્ટીંગ કામનો લોખંડનો ભીડો છોડવા મામલે સેન્ટીંગ કામ રાખનારા ત્રણેય ભાઇઓને ગાળો ભાંડતા બોલાચાલી થતાં ભરાઇ કામના કારીગર પિતા-પુત્ર ત્યાંથી નીકળી ગયા બાદ થોડી જ વારમાં બીજા ચાર પાંચ જણાને સાથે લાવી ત્રણેય ભાઇઓ પર છરીથી તૂટી પડતાં ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. એક ભાઇનું રાજકોટમાં મોત નિપજતાં બનાવ હત્યામાં



પરિણમ્યો હતો. જ્યારે બીજો ભાઇ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

હળવદના ગોરી દરવાજા પાસે નવા બાંધકામની સાઇટ પર સેન્ટીંગ કામ કરી રહેલા હળવદના નવા ઇસનપુર ગામના ત્રણ ભાઇઓ રવિ ખોડાભાઇ સોનગરા (ઉ.વ.૨૮), હિરેન ખોડાભાઇ સોનગરા (ઉ.વ.૨૪) અને જયદિપ ખોડાભાઇ સોનગરા (ઉ.વ.૨૫) સાંજે સાઇટ પર હતાં ત્યારે આ સાઇટ પર જ છત ભરાઇનું કામ કરવા આવેલા કારીગરોએ ઝઘડો કરી માથાકુટ કરી હતી. બાદમાં ચાર પાંચ જણાએ છરીથી હુમલો કરતાં ત્રણેય ભાઇઓને વાંસા, પડખા, માથા, હાથમાં ઇજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં હળવદ હોસ્પિટલમાં, ત્યાંથી મોરબી અને વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ અહિ રવિ સોનગરાએ દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

રાજકોટ ખાતે હિરેનને ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. ભાઇ જયદિપ સોનગરાએ ઘટનાની વિગતો આપતાં જણાવ્યું હતું કે અમે હળવદમાં નવા બાંધકામનું સેન્ટીંગ કામ રાખ્યું હોઇ સાંજે ચારેક વાગ્યે ત્રણેય ભાઇઓ ત્યાં હતાં. આ સાઇટ પર છત ભરાઇનું કામ નટુભાઇ ઉર્ફ દાઢી અને તેના દિકરાએ રાખ્યું છે. આ લોકો છત ભરાઇનું કામ ચાલુ કરતાં હોઇ બાંધકામની સીડી પાસે અમારો સેન્ટીંગ કામનો ભીડો ફીટ કરેલો હતો. આ ભીડો હજુ રાખવાનો હતો. તેમ છતાં નટુભાઇ ઉર્ફ દાઢીએ અમારે છત ભરાઇ કરવી છે તમે ભીડો કાઢી લ્યો તેમ કહી બોલાચાલી કરી રવિને ગાળો દીધી હતી. તેને ગાળો બોલવાની ના પાડતાં બોલાચાલી ઉગ્ર થઇ હતી. એ પછી નટુભાઇ અને તેનો દિકરો ત્યાંથી નીકળી ગયા હતાં. થોડી જ વારમાં બીજા ચાર પાંચ લોકોને લઇને આવ્યા હતાં અને અચાનક જ રવિ પર છરીથી હુમલો કરતાં હું અને મારો ભાઇ હિરેન વચ્ચે પડતાં અમને પણ ઘા ઝીંકાયા હતાં. જેમાં રવિ અને હિરેનને ગંભીર ઇજા પહોંચી હોઇ રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડયા હતાં. અહિ મારા ભાઇ રવિનું મોત થયું હતું. તેમ જયદિપે જણાવ્યું હતું.

# છ વર્ષ પહેલાં કોઠારિયા સોલવન્ટ પાસે થયેલ યુવાનની હત્યાના કેસમાં દંપતિ સહિત ત્રણને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છ વર્ષ પૂર્વે પૈસાની લેતી દેતીમાં યુવક ઉપર છરી વડે હુમલો કરી હત્યા કરવાના ગુનામાં દંપતી સહિત ત્રણ શખ્સને અદાલતે આજીવન કેદની સજા અને રૂ. ૧૦- ૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા પંડિત દિન દયાલનગરમાં રહેતા સંગીતાબેન હરીશભાઈ કારીયા કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા મહમદીબાગમાં રહેતા ઈમરાન કરીમભાઈ પાસે રૂપિયા માંગતા હતા અને સંગીતાબેન કારીયાએ રૂપિયાની ઉઘરાણી કરતા ઈમરાને કોઠારીયા રોડ ઉપર ગુજરાત હાઉસિંગના ક્વાર્ટરની સામે



એડવોકેટ : બીનલબેન રવેશીયા

બગીચા પાસે રોડ પર બોલાવ્યા હતા સંગીતાબેન કારીયા, સુલતાનભાઈ, દિલાવરભાઈ અને વિશાલભાઈ રણુજા મંદિરથી આગળ આવેલા હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરની સામે બગીચા પાસે ગયા હતા અને જ્યાં ઈમરાન, રંજનબેન કુવાડીયે અને તેના પતિ અશોકભાઈ મનસુખભાઈ કુવાડીયા ત્યાં હાજર હતા રંજનબેને ઈમરાન પાસે પૈસા માંગતા ઈમરાન અને રંજનબેને ગાળો ભાંડી ઢીકા પાટુનો માર માર્યો હતો અને તે દરમિયાન સુલતાનભાઈ, દિલાવરભાઈ અને વિશાલભાઈ રંજનબેનને છોડાવવા વચ્ચે પડયા હતા તે દરમિયાન ઈમરાને છરી વડે હુમલો કરી સુલતાનને છરીનો ઘા ઝીંકી દીધો હતો ગંભીર રીતે ઘવાયેલા સુલતાનભાઈનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો આ અંગે સંગીતાબેન કારીયાએ આજીડેમ પોલીસ મથકમાં ઈમરાન, અશોક મનસુખભાઈ કુવાડીયા અને તેની પત્ની રંજન અશોકભાઈ કુવાડીયા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આઈપીસી કલમ ૩૦૨, ૧૧૪ મુજબના ગુનામાં આજીવન સખત કેદ અને પ્રત્યેક આરોપીને રૂ.૧૦,૦૦૦ નો દંડ ન ભરે તો વધુ છ મહિનાની સખત કેદની સજા અને જામીન મુક્ત રહેલા દંપતીના જામીનખત રદ કરી જયુડિશિયલ કસ્ટડીમાં લેવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ બીનલબેન રવેશીયા રોકાયા હતા.

# લોભામણી સ્કીમના નામે લોકો સાથે રૂ.૧.૯૫ કરોડની છેતરપિંડી કરનાર ઠગ ઝડપાયો

## એકના ડબલ અને ઈનામી ડ્રોના બહાને સ્ટાર ગ્રૂપના અનેક સભ્યોના નાણા ઓળવી જનાર ભેજાબાજ શખ્સ ફરાર થઈ ગયો'તો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં સ્ટાર ગ્રુપ ઈનામી ધમાકે નામે લોકોને લોભલાલચ આપી એકના ડબલ કરવાની સ્કીમ હેઠળ રૂ.૧.૯૫ કરોડની ઠગાઈ કરી પોબારા ભણી ગયેલા ઠગને ક્રાઈમ બ્રાંચની ટીમે ડબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતિ મુજબ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એ આપેલી સુચના પ્રમાણે શહેરમાં નાસતા ફરતા અને પેરોલ ઝંપ કરી ગયેલા આરોપીઓને શોધવા અંગે સુચનાના પગલે ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાયબી જાડેજા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.જે.હુણ અને તેની



ટીમના માણસો વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે શહેરના એ ડીવીઝન પોલીસમાં નોંધાયેલા છેતરપિંડી અને ઠગાઈના ગુનામાં છેલ્લા દોઢેક વર્ષથી નાસતો ફરતો આરોપી રજાક અજીજ ઉર્ફે અજીત કાશ્માણી (રહે.અમરેલી જૈન દેરાસરની સામે ધારી રોડ અશબા એરીયા ખાતીમા એપાર્ટમેન્ટ પેલા માળે હાલ રહે નવી ઘાંચીવાડ ખ્વાઝા પાર્ક એપાર્ટમેન્ટ) નામનો શખ્સ જામનગર રોડ પર સાંઢીયા પુલ પાસે હોવાની હકીક્તના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે ડબોચી લીધો હતો પોલીસે પ્રાથમિક તપાસ કરતા આ કામના આરોપી મરણજનાર દેવીબેન ઉર્ફે હર્ષાબેન માવજીભાઈ રાઠોડ તથા અસ્માબેન રજાકભાઈ કાશમાણીએ સ્ટાર ગ્રુપ ઈનામી ધમાકા ના નામે ઈનામી ડ્રો ના કાર્ડ છપાવી અને ટુંકા સમયમાં એકના ડબલની લાલચ આપી રોકાણકારોને લાલચમાં નાખી તેમજ અમુક માણસોને એજન્ટ તરીકે તેમના પરિવારના સભ્યોની ડીનર પાર્ટી યોજી અને રોકાણકારોને લાલચમાં નાખી તેમજ અમુક માણસોને એજન્ટ તરીકે નીમી કમીશનની લાલચ આપી એજેન્ટો મારફતે ગ્રાહકો શોધી જુદા જુદા ગ્રાહકો પાસેથી કુલ રૂ.૧,૯૫,૯૪,૮૦૦ ઉઘરાવી આરોપીઓએ ઉપરોક્ત રકમ તથા અમુક સોનાના દાગીના રોકાણકારો પાસેથી લોભામણી સ્કીમ બતાવી મેળવી લઈ બાદ ફરી.શ્રી તથા રોકાણકારોના નાણા પરત માંગતા આ કામના આરોપીઓએ વચન તથા જુદા જુદા વાયદાઓ આપી રકમ પરત ના આપી પૂર્વ આયોજીત ગુન્હાહીત કાવતરૂ રચી વિશ્વાસઘાત કરી છેતરપિંડી કરી મીલક્ત તથા સોનુ ખરીદી ગ્રાહકોની રકમ ઓળવી જતા સદરહું ગુન્હો દાખલ થયેલ હતો.

# માલવીયા ચોક પાસે વોકળામાં ઘોડી પાસાનો જુગાર રમતા ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે.હુણ તથા એએસઆઈ ઘનશ્યામભાઈ, હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે યાજ્ઞીક રોડ પર આવેલા માલવીયા ચોક પાસે વોકળામાં ઘોડીપાસાનો જુગાર રમતા દિપક ઉર્ફ દતો મનજી નકુમ, જીતેન હમીર મકવાણા, હિતેશ નટુ ચાવડા, બોદુ જુમા ગોઢાવીયા સહિત ચાર શખ્સોને



પોલીસે દબોચી લઈ રોકડા રૂ.૧૩૨૨૦ નો મુમાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શાપર-વેરાવળમાં પત્નીની હત્યા કરનાર પતિ જૂનાગઢથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં વિસ્તારમાં સર્વોદય સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા એક શખ્સે શંકાસીલ સ્વભાવના કારણે તેની પત્નીનું તીક્ષણ હથિયારના ઘા ઝીંકી ઢીમઢાળી દીધું હતું. બાદમાં પોતે નાસી છૂટ્યો હતો. જે અંગે શાપર વેરાવળ પોલીસે ગુનો દાખલ કર્યા બાદ તપાસના અંતે હત્યારા પતિને જુનાગઢ થી ઝડપી લીધો હતો.

આ અંગેની માહિતી મુજબ વેરાવળ-શાપરમાં ગૃહ ક્લેશ બાબતે ઝઘડો થતા પ્રેમજી પરમારે પોતાની પત્ની કમળાબેન (ઉ.વ.૪૯)ને બોથડ પદાર્થ મારી હત્યા નિપજાવતા હતી









અને પછી પુત્રને ફોન કરી કહ્યું હતું કે, મેં તારી મમ્મીને પતાવી દીધી છે.જે અંગે ગુનો નોંધાયો હતો. હત્યા કરી આરોપી ફરાર થતા શાપર પોલીસના પીએસઆઈ આર.કે.ગોહિલની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના એન્ટી-એક્ઝીટ પોઈન્ટના સી.સી.ટી.વી. કેમેરા તપાસી તેમજ ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે તપાસ કરતા આરોપી જુનાગઢ ખાતે છુપાઈ ને રહેતો હોવાની હકીકત મળતા તુરત જ વર્ક આઉટ કરી સર્વેલન્સ સ્ટાફને આરોપીની તપાસમાં મોકલી આરોપીને જુનાગઢ ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ થતાં પકડાયેલ આરોપી પ્રેમજીભાઈ ગોવિંદભાઈ પરમાર ( ઉ.વ.૫૦ રહે.વેરાવળ (શા.) સર્વોદય સોસાયટી ગોવિંદનગરમાં કંકુબેન ભરવાડના મકાનમાં ભાડેથી તા. કોટડાસાંગાણી મુળ ગામ-ભદ્રેશી તા. વઢવાણ જી.સુરેન્દ્રનગર) ને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં કબૂતરબાજીના ગુનામાં નાસતા ફરતા છ આરોપીઓને શોધવા ૨૫ હજારનું ઈનામ જાહેર કરાયું



રજની ઉર્ફે સની s/o દિનકરભાઇ પટેલ




રાકેશ રાય ઉર્ફે રોબોર્ટ



બિપિન સોમાભાઇ દરજી



અમનદીપ સ/ઓ અમરજીત સિંઘ



પંકજ શંકરલાલ પટેલ



ઝાકિર ઉર્ફે રાજુભાઇ યુસુફ શેખ

**મુખ્ય સમાચાર રાજકોટ**

અમદાવાદમાં પોતાને આર્થીક લાભ મેળવવા એકબીજા સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી અમેરીકા જવા ઈચ્છતા વ્યક્તિઓનો સંપર્ક કરી કે કરાવી તેવા વ્યક્તિઓને ગેરકાયદેસ રીતે અમેરીકા મોકલવવા માટે તેના ખોટા તેમજ બનાવટી પાસપોર્ટ દ્વારા અલગ અલગ દેશોના વીઝા મેળવવા માટે ખોટા તેમજ બનાવટી દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી ભારત દેશ તેમજ અન્ય દેશોની સરકાર સાથે છેતરપિંડી કરી લોકોને વિદેશ મોકલાવી કબૂતરબાજીની પ્રવૃતિ કરવા અંગે નો ગુનો અમદાવાદ શહેરના શોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હોય આ ગુનાની તપાસ સ્ટેટમોનિટરીંગ સેલને સોંપવામાં આવતા અગાઉ અનેક આરોપીઓની આ ગુનામાં ધરપકડ કરવામાં આવી હોય અને આ ગુનામાં રજની ઉર્ફે સની દિનકર પટેલ તથા રાકેશ રાય ઉર્ફે રોબોટ તથા બિપીન સોમા દરજી તથા અમનદીપ અમરજીત સિંઘ તથા પંકજ શંકરલાલ પટેલ તથા જાકીર ઉર્ફે રાજુ યુસુફ શેખ નામના છ આરોપીઓ નાસતા ફરતા હોય આ આરોપીઓની સચોટ માહિતી આપનાર વ્યક્તિને ૨૫ ૨૫ હજાર ઈનામની રકમ આપવામાં આવશે. તેવું સ્ટેટમોનિટરીંગ નાયક પોલીસ અધિક્ષક કેટી કામરીયાએ એક અખબારી યાદીમા જાહેર કરયું છે.

# રાજુલામાં મોબાઈલ ટાવર ઉભા કરવાના બહાને રૂા.૨૫ લાખની ઠગાઈ કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલામાં રહેતા એક કોન્ટ્રેક્ટરને સુરતના યુવકે ટાવર ઉભો કરવાના ભરોસે આપી કુલ ૨૫,૫૩,૫૦૦ લાખ રૂપિયાની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે ફરિયાદી ઓધડભાઈ મકવાણાએ સુરતના ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલ સામે ફરીયાદી નોંધાવી હતી. જે બાદ રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર આઇ.જે. ગીડા દ્વારા આરોપીને ઝડપી પાડવા તપાસ શરૂ કરવામાં આવેલ. આરોપી ધનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલ રહે.સુરત, આદર્શ ટાઉનશીપ મયુર કોમ્પલેક્ષ, સલથાણા સુરત



શહેરનાઓના નામથી ઈ-ગુજકોપમાં સર્ચ કરતા આરોપી વિરૂધ્ધ સુરત ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા જ પ્રકારના કુલ-૦૩ ગુન્હાઓ દાખલ થયેલ હોય જેથી આરોપીને લાજપોર મધ્યસ્થ જીલ્લા જેલ સુરત ખાતે કસ્ટડીમા હોય જે આરોપીનો ટ્રાન્ફર વોરંટથી કબ્જો મેળવી રાજુલા પોલીસ સ્ટેશન લાવી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અટક કરી નામદાર રાજુલા કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કરતા દિન ૦૭ ના રિમાન્ડ મેળવી રિમાન્ડ પરના આરોપીની સઘન અને યુકતી પ્રયુક્તીથી ઉંડાણપૂર્વક તપાસના કામે પુછપરછ કરી ગુન્હાના કામના આરોપીને તપાસના કામે સુરત ખાતે લઈ જઈ ગુન્હાના કામે ગયેલા રૂપિયા પૈકી રૂ.૧૭,૦૦,૦૦૦ રિકવર કરી કબ્જે કરવામાં આવેલ છે.

# ગોંડલના ભગવતપરામાં મહિલાની છેડતીઃ સામા પક્ષે યુવાનને માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ભગવતપરામાં રહેતી મહિલા બપોરે અઢી વાગ્યે કામે જવા નીકળેલ ત્યારે રસ્તા પર આરોપી ઉભો હોય અને ફરિયાદી મહિલાને જોઈ અરરરર.આને જોઈને તો નિદર નથી આવતી તેમ કહી બીજા પાસે તો તું ૫૦૦૦ ને ૧૦૦૦૦માં જાશ મારી સાથે તને શું વાંધો છે તેવી પજવણી કરી હતી અને ફરિયાદીને આ બાબતે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી અને ફરિયાદી ઈકો કારમાં બેસી જતાં રહેતા આરોપીએ બાઈકમાં પીછો કરી ફરિયાદીનાં ઘર પાસે જોર જોરથી અવાજ કરી પજવણી કરતો હોવાનું જણાવ્યું છે. બીજી બાજુ સામાપક્ષે કલર કામ કરતાં આરોપી સંજય કિશોર સોલંકીએ પોલીસમાં સામી ફરિયાદ નોંધાવી હતી જેમાં મહિલાએ શેરીમાં રમતાં છોકરા દેકારો કરતાં હોય, દેકારો કેમ કરો છો, તેમ કહી ફરિયાદીને ઝાપટ મારી ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટના વેપારીએ આપેલા રૂા.૧૨ લાખ નહિ આપી જામનગરના શખ્સે હાથ ઉંચા કરી દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા મેઇન રોડ પર ઘનશ્યામ નગર વિસ્તારમાં રહેતા લોહાણા વેપારીના મિત્ર ને કેન્સરની બીમારી હોય અને તે બીમારીની સારવાર માટે ૧૨ લાખની જરૂરિયાત હતી. પોતે જામનગરના શખ્સ પાસે નાણા માંગતા હતા. પરંતુ તે દેવા સક્ષમ ન હોવાથી મિત્રને આ નાણા આપવા કહ્યું હતું. અને તે નાણા નો હવાલો જામનગરના શખ્સે લીધો હતો અને દર મહિને ૨૦,૦૦૦ ના હમે નાણાં ચૂકવી આપશે તેમ કહ્યું હતું પરંતુ છ વર્ષ દરમિયાન એક પણ ફદયુય ન ચૂકવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

જાણવા મળતી વિગતો મુજબ ઘનશ્યામનગર શેરી.નં. ૭માં રહેતા અતુલભાઈ હસમુખભાઈ ગણાત્રા નામના લોહાણા વેપારીનો મિત્ર જગદીશ વડગામા કોઠારીયા રોડ ઉપર રહે છે. જેને કેન્સરની બીમારી હોવાથી તેની સારવાર ચાલી રહી હતી અને આ સારવાર પાછળ લાખો રૂપિયાનો ખર્ચ હોવાથી અતુલભાઈ ગણાત્રાએ તેને મળી પૂછતા જગદીશભાઈએ કહ્યું હતું કે, પોતે જામનગરના લલિત જીવન ભારદિયા નામના શખ્સ પાસે ૧૨ લાખ રૂપિયા માંગે છે. પરંતુ તે હાલના સમતે દેવા માટે સક્ષમ નથી. જો તે નાણા આવી જાય તો પોતે વ્યવસ્થિત સારવાર કરી શકે એમ છે. જેથી અતુલભાઈએ લલિત ભારદિયા ને રાજકોટ બોલાવ્યો હતો અને જગદીશભાઈ સાથે બેસી મીટીંગ કરી હતી અને નાણાં ચૂકવવા માટે વિનંતી કરી હતી પરંતુ તેની પાસે હાલ આવડી મોટી રકમ ન હોવાનું જણાવ્યું હતું ત્યારે જગદીશભાઈએ આ નાણા હાલ અતુલભાઈ ગણાત્રાને આપવા માટે કહ્યું હતું. જો તે આ ૧૨ લાખ ચૂકવશે તો તેને પણ સારવારમાં કામ આવી જશે અને તેના બાદલામાં જામનગરનો લલિત ભારદિયા દર મહિને ૨૦-૨૦ હજાર કરી ચૂકવી આપશે તેવી જગદીશભાઈએ બાહેધરી પણ લીધી હતી. જેથી અતુલભાઈ ગણાત્રાએ બીમારી જોઈ જગદીશભાઈ ને ₹૧૨ લાખની રકમ આપી હતી અને આ રકમ પરત લેવા માટે જામનગરના રણજીતસાગર રોડ પર આસોપાલવ સોસાયટીમાં રહેતા લલિત જીવણ ભારદિયા પાસેથી હવાલો લીધો હતો.

આ મીટીંગ અને બાહેધરી જામનગરના લલિતે ૫/ ૯/ ૨૦૧૬ ના દિવસે આપી હતી. તે પેટે તેણે પ્રોમિસરી નોટ પણ લખી આપી હતી છતાં આ છ વર્ષ દરમિયાન લલિતે એક રૂપિયો પણ અતુલભાઈને આપ્યો ન હતો જે અંગે અનેક વખત લલિતને વાત કરી ધ્યાન દોરવા છતાં પણ તેણે રૂપિયા આપ્યા ન હતા અને આ નાણા ચાઉં કરી જઈ વિશ્વાસઘાત કર્યો હતો. આથી આ મામલો પોલીસ સુધી પહોંચતા ભકિતનગર પોલીસે અતુલભાઈ ગણાત્રાની ફરિયાદ પરથી લલિત ભારદિયા વિરુદ્ધ શાભ કલમ ૪૦૬ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ પી.એસ.આઈ સામુદ્રીએ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT